**રાજ્ય સરકારના જાહેર સાહસો/બોર્ડ/કોર્પોરેશનમાં કાયમી ધોરણે સમાવિષ્ટ થયેલ કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ લઘુત્તમ પેન્શનનો લાભ આપવા બાબત.**

ગુજરાત સરકાર

**નાણા વિભાગ**

**ઠરાવ ક્રમાંક :** પશન/૧૦૨૦૦૮/ડી-૩૫૪/પાર્ટ ફાઈલ-પી

સચિવાલય, ગાંધીનગર

**તારીખ :** ૧૫-૦૯-૨૦૨૫

**વંચાણે લીધા :**

૧. નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૬/૬/પગાર એકમ, તા.૧૫/૧૦/૨૦૧૬

૨. ભારત સરકારનો ઓફિસ મેમોરેન્ડમ નં. ૪/૩૪/૨૦૦૨-પી એન્ડ પીડબ્લ્યુ(ડી)વોલ્યુમ-૨, તા.૨૩/૦૬/૨૦૧૭

૩. પત્ર ક્રમાંક: DPPF/LMW/e-file/124/2023/0239/LM, તા. ૧૧/૦૮/૨૦૨૫

**પ્રસ્તાવના :**

રાજ્ય સરકારમાંથી જાહેર સાહસો (બોર્ડ, કોર્પોરેશન)માં કાયમી ધોરણે સમાવિષ્ટ થયેલ કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ લઘુત્તમ પેન્શન ચુકવવા અંગે વંચાણે લીધેલ ક્રમાંક (૧)થી રાજ્ય સરકારના પેન્શનર/કુટુંબ પેન્શનરને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવેલ અને એબ્સોર્બ પેન્શનર માટે અલગથી હુકમ કરવા જોગવાઈ કરેલ છે. તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી સમાન પ્રકારના કર્મચારીઓને ભારત સરકારે લઘુત્તમ પેન્શન ચુકવવા સુચના પ્રસિધ્ધ કરેલ છે. પ્રસ્તુત બાબતે મળેલ વિવિધ રજૂઆતો તેમજ ઉક્ત સૂચનાઓ ધ્યાને લઈ લઘુત્તમ પેન્શન કરતાં ઓછું પેન્શન મેળવતા એબ્સોર્બ પેન્શનરોને લઘુત્તમ પેન્શન ચુકવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

રાજ્ય સરકારમાંથી જાહેર સાહસો (બોર્ડ, કોર્પોરેશન)માં કાયમી ધોરણે સમાવિષ્ટ થયેલ કર્મચારીઓ પૈકી સાતમા પગારપંચના અનુસંધાને લઘુત્તમ પેન્શન કરતા ઓછુ પેન્શન મેળવતા એબ્સોર્બ પેન્શનરોને માસિક રૂ. ૯૦૦૦/- (લઘુત્તમ) પેન્શન તા.૦૧/૧૦/૨૦૨૫ ની અસરથી ચૂકવવાનું રહેશે તથા અગાઉના સમયગાળા માટે આ લાભ નોશનલ ગણવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(ભાવિતા રાઠોડ)**

નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)

નાણા વિભાગ

નકલ રવાના :

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
- માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીના વડાઓ
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- તમામ કલેકટરશ્રીઓ/તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર
- નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પગાર ચકાસણી, ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ
- તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ
- પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
- સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ બોર્ડ/કોર્પોરેશન/નિગમો.
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- નાણા વિભાગની તમામ શાખાઓ
- આઇટી કો-ઓર્ડીનેટર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે
- સિલેકટ ફાઇલ - પેન્શન સેલ શાખા
- પત્ર દ્વારા